ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૮/૨૩-૨૪/ 1357 તારીખ : 21 SEP 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૨૮/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી જીંજાળા જાનાભાઈ કાનાભાઈ,**
**મું.વેળાવદર,**
**તા.તળાજા,**
**જી.ભાવનગર.**

**મો.નં-૯૯૨૫૬ ૬૬૬૨૦**

**વિષય :** **મીટર ચેન્જમાં અન્યાય અને ખોટું બિલ આપવા બાબત.**

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૧૨/૦૭/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૪/૦૭/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૩-૨૪/૧૧૭૩ તા.૨૬/૦૭/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૩-૨૪/૧૨૧૮ તા.૧૧/૦૮/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૦૮/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી-૨, તળાજા.**

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૨૮/૨૩–૨૪ ☜

વાદી :– શ્રી જીંજાળા જાનાભાઈ કાનાભાઈ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– તા.૨૨/૦૮/૨૦૨૩ ◈

વાદી :– શ્રી જીંજાળા વિશાલભાઈ કાનાભાઈ (વાદી ના પુત્ર)

પ્રતિવાદી :– શ્રી એસ.જી.ઠુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જીંજાળા જાનાભાઈ કાનાભાઈ, મું.વેળાવદર, તા.તળાજા, જી.ભાવનગરની મીટર ચેન્જમાં અન્યાય અને ખોટું બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૮/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૮/૨૩–૨૪/૧૧૭૩ તા.૨૬/૦૭/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૨/૦૮/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી જીંજાળા જાનાભાઈ કાનાભાઈ વતી તેમના પુત્ર શ્રી જીંજાળા વિશાલભાઈ જાનાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.જી.ઠુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમારી કેસની વિગત એવી છે કે, તા.૨૭/૦૧/૨૦૨૩ ના રોજ સવારે આશરે ૧૦.૩૦ કલાકે અમો અમારા ઘરે હતા તે સમયે વિજ કંપનીના નાયબ ઈજનેરશ્રી જાદવ સાહેબ અને બીજા કર્મચારીઓ આવીને અમારૂં વિજ મીટર ઉતારી ગયેલ ( મીટર નં– PQST 03625696) અને અમોને ઓફીસે આવવા જણાવેલ. અમારૂં કોઈ વિજ બિલ બાકી ન હોવા છતાં મનસ્વી પણે માત્રને માત્ર અમોને હેરાન કરવાના એક માત્ર ઈરાદાથી અમારૂં મીટર લઈ ગયેલા.

૧.૨ તા.૦૨/૦૨/૨૦૨૨ ના પત્રથી ચેકીંગ શીટ અમોને મોકલી આપેલ છે. ચેકીંગ શીટ સ્થળ ઉપર બનાવેલ નથી અમો હાજર હતા છતાં તેમાં અમારી સહી પણ લીધેલ નથી. હકીકતો ખોટી બતાવવા માટે ચેકીંગશીટ

Redressal P.G.V.C.L. Bhavnagar

અમારી હાજરીમાં સ્થળ ઉપર બનાવેલ નથી અને તેમાં અમારી સહી પણ લીધેલ નથી. ચેકીંગ શીટ કઈ તારીખે બનાવી તે તારીખ ચેકીંગશીટમાં જણાવેલ નથી.

૧.૩ તા.૦૨/૦૨/૨૦૨૨ ના પત્ર મુજબ ચેકીંગ દરમિયાન ગેરરીતી માલૂમ પડેલ છે તેવું જણાવેલ છે. હકીકતમાં, તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ અમારૂં મીટર જ લઈ ગયા છે તો તા.૦૨/૦૨/૨૦૨૨ ના રોજ ચેકીંગ તેઓએ અમારા કયાં વિજ જોડાણનું ચેકીંગ કર્યુ તેની સ્પષ્ટતા કરેલ નથી.

૧.૪ તા.૦૨/૦૨/૨૦૨૨ અને તા.૦૧/૦૮/૨૦૨૨ તથા તા.૨૧/૦૬/૨૦૨૩ ના પત્ર મુજબ રૂા.૧૧૯૦૨/૨૧ પુરવણી બિલની રકમ જણાવેલ છે. જયારે, તા.૦૮/૦૬/૨૦૨૩ ના પત્ર મુજબ રૂા.૧૧૧૨૪/– જણાવેલ છે. આમ, અલગ અલગ તારીખના પત્ર દ્વારા અલગ અલગ રકમ જણાવવામાં આવેલ છે.

૧.૫ અમો વિજ કંપનીની તળાજા ઓફીસે છેલ્લે જુન–૨૨ ના જયારે નાયબ ઈજનેરશ્રી જાદવસાહેબ ને મળવા ગયા ત્યારે તેઓએ અમોને એવું જણાવેલ કે, પત્ર ભલે આવે તમારે પૈસા ભરવાના નથી. હું તમારૂં મીટર પાછું લગાડવડાવી આપુ છું તેમ જણાવેલ અને

૧.૬ તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ લઈ ગયેલ મીટરના બદલામાં બીજું મીટર અમોને એકપણ પૈસા ભર્યા સિવાય તા.૧૭/૦૬/૨૦૨૨ ના દિવસે અમારા ઘરે લગાવી આપેલ. મીટર લઈ ગયા પછી ૧૪૨ મા દિવસે મીટર પરત કરવું જે વસ્તુ દર્શાવેલ છે કે અમારી સામે કરેલ કાર્યવાહી તદન ખોટી અને ગેરવ્યાજબી હતી. (તે દિવસે આપવામાં આવેલ પાવતી સામેલ છે)

૧.૭ જો ખરેખર અમારી ઉપર કરેલ આક્ષેપ કે અમોએ હેતુ ફેર કરી વિજ વપરાશ કરેલ છે તે જો સાચું હોય તો અમોને જણાવેલ દંડની રકમ ભર્યા સિવાય તા.૧૭.૦૬.૨૦૨૨ ના રોજ વિજ જોડાણ પુન:સ્થાપીત શા માટે કરવામાં આવ્યું ?

૧.૮ સદર મીટર આજદિન સુધી ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ નથી. જેથી સામેવાળા એ વાતથી સહમત છે કે અમોએ મીટર સાથે કોઈ ચેડા કરેલ નથી.

૧.૯ અમારૂં પહેલી વાર મીટર લગાવવામાં આવ્યું ત્યારે પણ અમારો પાનનો ગલ્લો શરૂ હતો અને તે પાનના ગલ્લામાં જ મીટર લગાવવામાં આવેલ હતું અને તા. ૧૭.૦૬.૨૦૨૨ ના રોજ બીજી વાર પણ મીટર તે જ જગ્યાએ લગાવવામાં અ)વ્યું હતું. જેથી ચેકીંગ શીટમાં જણાવ્યા મુજબ અમારી અમારો પાનનો ગલ્લો બાજુમાં નહી પણ અમારા રહેણાંકના મકાનમાં છે આમ જેને ચેકીંગશીટમાં બાજુમાં દુકાન તરીકે દર્શાવેલ છે તે પાનના ગલ્લાની જગ્યા બીલકુલ ખોટી દર્શાવવામાં આવેલ છે.

૧.૧૦ તા.૧૭/૦૬/૨૦૨૨ ના રોજ લગાવવામાં આવેલ મીટર તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ ફરીથી લઈ ગયેલ છે.

૧.૧૧ તા.૨૧/૦૬/૨૦૨૩ ના પત્ર દ્વારા અમારૂં વિજ જોડાણ કાયમી ધોરણે રદ કરેલ છે તેવો અમોને સામાવાળાનો પત્ર તરફ મળતા આ ફરીયાદ કરવાની જરૂર ઉભી થયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૧૨ આ તમામ કામગીરીની શરૂઆત તા.૧૮/૦૧/૨૦૨૨ થી થયેલી છે. જે દિવસે પીજીવીસીએલ ના કેટલાક માણસો અમારી માલીકીના રેવન્યુ સર્વે નંબર ૨૭ પૈકી ૧/પૈકી ૧ માં નવી વિજ લાઈન ઉભી કરવા માટે ખાડા કરવા માટે આવ્યા હતા અને તેઓએ અમારા ખેતરમાં અમોને નડતર રૂપ થાય તેવી રીતે ખેતરમાં વચ્ચે ખાડા ખોદતા હતા તેઓને અમે જણાવેલ કે ખેતરમાં વચ્ચે જે ખાડા તમે ખોદો તે અમોને નડતર રૂપ છે. તમો, ખેતરના દરીયા દી–શેઢે ખાડા ખોદો અને ત્યાં પોલ ઉભા કરો તો અમોને કોઈ વાંધો નથી, તેમ અમોએ જણાવેલ. જેથી, તે માણસો જતા રહયા હતા. જેની અદાવત રાખીને અમોને માત્ર હેરાન કરવાના ઉદેશથી અમારી સામે બદલાની ભાવના થી ઉપર મુજબની તમામ કાર્યવાહી કરેલ છે, તેવું અમારૂં દ્રઢપણે માનવું છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી જીજાળા જાનાભાઈ કાનાભાઈ,વેળાવદર ગામમાં ૬૧૪૦૩૦૧૬૭૬૩ નંબરનું AGRL હેતુનું વિજ કનેકશન ધરાવે છે. તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ ચેકીંગ અધીકારી દ્વારા જીજાળા જાનાભાઈ કાનાભાઈ ને ચેકીંગ શીટ નં–૪૯૨૩૦ તા.૨૭/૦૧/૨૦૨૨ ભરાઈ હતી. જેના અનુસંધાને હેતુ ફેરનું રૂા.૧૧,૯૦૨/૨૧ નું પુરવણી બિલ TLJ-2/BILLING/૨૯૯ તા.૦૨/૦૨/૨૦૨૨ થી આપવામાં આવેલ હતું. તેમજ ચેકીંગ શીટમાં કોઈ મીટર ઉતારવાનો ઉલ્લેખ નથી. વાદીના કનેકશનનું ચેકીંગ તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ કરેલ છે. તેમજ પુરવણી બિલ તા.૦૨/૦૨/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ હતું. તેમજ શ્રી જીજાળા જાનાભાઈ કાનાભાઈ ને PQSTLJ-2/BILLING/1434 તા.૦૮/૦૬/૨૦૨૩ થી લીગલ નોટીસ પણ આપવામાં આવેલ છે.

૨.૨ આપને ટીએલજે–૨/૧૯૩૧ તા.૦૧/૦૮/૨૦૨૨ પત્રથી આપની રજૂઆત સાંભળવા તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ કચેરીમાં રૂબરૂ બોલાવવામાં આવેલ.

૨.૩ તા.૦૨/૦૨/૨૦૨૨ અને તા.૦૧/૦૮/૦૨૨ તથા તા.૨૧/૦૬/૨૦૨૩ ના પત્ર મુજબ રૂા.૧૧,૯૦૨/૨૧ પુરવણી બિલની રકમ જણાવેલ છે. જયારે, તા.૦૮/૦૬/૨૦૨૩ ના પત્ર મુજબ રૂા.૧૧,૧૨૪/– જણાવેલ છે. જે વાદીના વિજ કનેકશનના બાકી રહેતી લહેણી રકમ છે.

૨.૪ તેમજ તા.૨૪/૦૧/૨૦૨૩ સુધી વાદી દ્વારા કોઈ રકમ ભરપાઈ કરવામાં આવેલ ન હોય અને વાદીના કનેકશનમાં રૂા.૧૧,૨૨૭/– ની રકમ બાકી રહેતી હોય તળાજા–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા NPDC અન્વયે પ્રફોર્મા નંબર–૨૪૨૦૬ તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ મીટર, સર્વિસ ઉતારી વિજ પુરવઠો કાપેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદારશ્રી જીજાળા જાનાભાઈ કાનાભાઈ, મું. વેળાવદર દ્વારા તેમને આપવામાં આવેલ થેફટ બિલ અંગેની પ્રક્રિયા સામે તકરાર ઉભી થતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીને ધ્યાને લઈ ફોરમ દ્વારા આજરોજ તા.૨૨/૦૮/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, બંને પક્ષકારોએ હાજર રહી રજૂઆતો કરેલ છે.

૩.૩ આ તબકકે કેસને લગતી વધુ માહિતી અને રેકર્ડની જરૂરીયાત ઉભી થતાં પ્રતિવાદી પીજીવીસીએલ ને કેસને લગતા અન્ય રેકર્ડ, માહિતી રજૂ કરવા જણાવવામાં આવેલ.

૩.૪ પ્રસ્તુત કેસ ને ફોરમ દ્વારા ગુજરાત વિદ્યુત નિયત્રક આયોગ ના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ ના ક્લોઝ ન. ૧.૫ (ઘ) અને (ચ) ને ધ્યાને લઇ સાંભળવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**૧.૫ ( (ઘ) :**

"ફરિયાદ" એટલે ફરિયાદીએ લેખિતમાં તેમજ ઈ-મેઈલ અને ટ્રેસીમલ પદ્ધતિથી અથવા ફરિયાદ દાખલ કરવા પરવાનેદારે નિર્દિષ્ટ કરેલા નંબરો હોય તો તેના પર મોખિક રીતે ફોન કરી નેલ અથવા ફરિયાદ દાખલ કરવા માટે પરવાનેદાર નામ નિર્દિષ્ટ કરેલા પરવાનેદારની કચેરીઓમાં રૂબરૂ મુલાકાત લઈને પરવાનેદારને કરેલી કોઈપણ ફરિયાદ જેમાં મર્યદા વિના નીચેની બાબતોને રૂબરૂ મુલાકાત લઈને પરવાનેદારને કરેલી કોઈપણ ફરિયાદ જેમાં મર્યદા વિના નીચેની બાબતોને લગતી ફરિયાદોનો સમાવેશ થાય છે.

૧) આયોગ દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ પરવાના અને/અથવા કોઈપણ કરારકે સમજુતી અનુસાર અથવા પરવાનેદારોની કામગીરીના ધોરણો સંબધમાં પરવાનેદાર બનાવવાની હાથ ધરેલા કામગીરીની કોઈપણ ભૂલ અપૂર્ણતાલ ગુણવતાલ સ્વરૂપ અને રીતમાં કોઈપણ ભૂલલ અપૂર્ણતાલ ખામી અથવા અપર્યાપ્તતા.

૨) પરવાનેદાર વીજળી સેવા પૂરી પાડવામાં અપનાવેલ કોઈપણ અનુચિત વેપાર-પ્રથા કે પ્રતિબંધક વેપાર પદ્ધતિ.

૩) પ્રસ્તુત કાયદા અન્વયે અથવા શાણપણભરી ઉધોગ પદ્ધતિ દ્વારા સ્થાપિત સક્ષમ સત્તાધીકારો દ્વારા કરાવ્યા મુજબલ સલામતી સહિંતાલ નિયમોલ અને વિનિમયો સહીત લાગુ પડતા કોઈપણ કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને લોકોના ઉપયોગ માટે અપાતી વીજળી સેવાઓલ જેના પરિણામો મનુષ્યોની જીદગી અને સલામતી પશુધન કે સંબધિત જોખમ અને ભયમાં મુકાય.

**૧.૫ ( (ચ) :**

"વીજળી સેવા" માં ગ્રાહકને વીજળી શક્તિનો પુરવઠો. બીલલ મીટર-વ્યવસ્થા અને જાળવણીનો તથા તમામ સહવર્તી પેટા-સેવાઓ તેમજ પરવાનેદારને તેના પરવાના કે કોઈપણ લાગુ પડતા કાયદા મુજબ પૂરી પાડવી જરૂરી લાગે તેવી બીજી કોઇપણ સેવાનો સમાવેશ થાય છે.

૩.૫ ઉપરોક્ત કિસ્સામાં પીજીવીસીએલ પક્ષકાર તરીકે નીચે મુજબની ત્રુટીઓ/વિલંબ તેમજ અક્ષમ્ય બેદરકારીના કારણે અરજદારની ફરિયાદ ઉભી થયેલ છે.

૧) તા. ૨૭.૦૧.૨૦૨૨ ના રોજ વીજ જોડાણની ચકાસણી કર્યા બાદ પેટાવિભાગીય કચેરી દ્વારા તા૦૨.૦૨.૨૦૨૨ ના રોજ પુરવણી બીલ મોકલી આપવામાં આવેલ હતું જેની સામે ગ્રાહક દ્વારા ચેકિંગ શીટ જણાવેલ બાબતો ખોટી છે તેવી રજૂઆત કરીને પુરવણી બીલ સામે વાંધા રજુ કરેલ પરંતુ તે રજૂઆત અને વાંધા બાબતે પીજીવીસીએલ કચેરી દ્વારા શું કાર્યવાહી કરી તેને લેખિત પુરાવાઓ સહીત ની વિગતો રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે.

૨) પીજીવીસીએલ દ્વારા એવું જણાવવામાં આવે છે કે વાદીની રજૂઆત સંબધે અરજદાર ગ્રાહકને તા. ૦૬.૦૮.૨૦૨૨ ના રોજ રૂબરૂ કચેરીમાં બોલાવવામાં આવેલ પરંતુ તે દિવસના રોજ કોઈ લેખિત નિર્ણય/ઠરાવ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ નથી.

૩) અત્રે સવાલ ઉપસ્થિત થાય છે કે જો તારીખ ૦૬.૦૮૦.૨૦૨૨ ના રોજ અરજદારને રૂબરૂ કચેરી ખાતે બોલાવવમાં આવેલ હોઈ અને બીલની રકમ ફાયનલ કરવામાં આવેલ હોઈ તો તા. ૨૫.૦૧.૨૦23 સુધીમાં તે રકમ ગ્રાહકના ખાતામાં શા માટે ઉધારવામાં ના આવી ? તા. ૨૫.૦૧.૨૦23 ના રોજ સદર રકમ ઉમેરીને તે જ દિવસે વીજ જોડાણ કાપી નાખવા માટે ક્યાં નિયમો/પ્રક્રિયા લાગુ પાડેલ છે. ?

૩.૬ આમ ઉપરોક્ત ૩.૪માં દર્શાવેલ અને વિગતવાર વર્ણન મુજબના ક્લોઝ નંબર ૧.૫(૧) અને (૨) પ્રસ્તુત કિસ્સામાં જણાઈ આવે છે.

ગુજરાત વિધુત નિયત્રક આયોગના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ ના ક્લોઝ ન. ૨.3(૨) ની જોગવાઈને ધ્યાને લેતા કલમ ૧૨૬ હેઠળ આપવામાં આવેલ વીજ ચકાસણીના પૂરવણી બીલ અંગે ગ્રાહક તકરાર નિવારણ ફોરમદ્વારા કોઈ હુકમ કરવાનો રહેતો નથી, પરંતુ આ વિવાદાસ્પદ કીસ્સામાં ઉપર જણાવેલ તમામ અવલોકનો નો અભ્યાસ કરીને પ્રવર્તમાન સપ્લાય કોડ,એસ.ઓ.પી. તેમજ વીજ નિયત્રક આયોગના ધારાધોરણો મુજબની તમામ બાકી રહેતી કાર્યવાહી કરીને ગ્રાહકને વીજ બીલ તેમજ વીજ જોડાણ બાબતે જે અસંતોષ અને ફરિયાદ છે તેનું નિરાકરણ કરવા ઘટતી કાર્યવાહી કરવા કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ પાલીતાણાને સુચના આપવામાં આવે છ. આ કાર્યવાહી દિન 30 માં પૂર્ણ કરીને ફોરમને અહેવાલ રજુ કરવાનો રહેશે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તદુપરાંત આ તમામ કાર્યવાહી માં ઘોર નિષ્કાળજી બદલ જે તે જવાબદાર નાયબ ઈજનેરની અંગંત જવાબદારી નક્કી કરીને શિસ્તભંગના પગલાં લેવા માટે અને આનુસંગિક કડક કાર્યવાહી કરવા માટે ફોરમ ની સુચના છે જેનો પણ અચૂક અમલ કરવાનો રહેશે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦ ૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર

**( જે.એ.ગોસાઈ )**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૨/૦૮/૨૦૨૩

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.